<u>સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા લઘુમતી કોમોના લોકોને "સાતફેરા સમુહલગ્ન પ્રોત્સાહક પુરસ્કાર'યોજનામાં સુધારો કરવા બાબત.</u>

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૪૯૯/ન.બા.૧૯/અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– 12 JAN 2001

<u>વંચાણે લીધાઃ–</u>

૧. સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૯–૪–૯૮ નો ઠરાવ ક્રમાંકઃપરચ–૧૦૯૮/૬૭૪/ગ,

૨. સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૪–૫–૯૮ નો ઠરાવ ક્રમાંકઃસશપ–૧૪૯૮/૫૮૯/અ,

<u>ઠરાવઃ–</u>

આમુખ ક્રમાંકઃ–૨ માં દર્શાવેલ તા.૪–૫–૯૮ ના ઠરાવથી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા લઘુમતિ જાતિઓ માટે સાત ફેરા સમૂહલગ્નની યોજના હાલ અમલમાં છે. હાલ આ યોજના હેઠળ લાભાર્થીઓને યોજનાની શરતો મુજબ રૂ.૧૦૦૦/– ના નર્મદા બોન્ડ તથા પ્રશસ્તિ પત્ર આપવામાં આવે છે.યોજના હેઠળ આપવામાં આવતી પુરસ્કારની રકમ ઘણીજ ઓછી હોવાથી તથા સમૂહલગ્ન ના આયોજક સંસ્થાને પ્રોત્સાહક સહાય આપવાની હાલની અમલી યોજનામાં કોઈ જોગવાઈ ન હોવાથી આ યોજના હેઠળ પૂરતો ખર્ચ થતો નથી, આથી આ યોજનાનો હેતુ સિધ્ધ થાય તે માટે આ યોજનામાં યુગલ દીઠ પુરસ્કારની રકમમાં વધારો કરવાની બાબત તથા આયોજક સંસ્થા / આગેવાનો લોકોમાં સરકારશ્રીની સાત ફેરા સમૂહલગ્ન યોજનાનો ફેલાવો/પ્રચાર કરી નવયુગલોને પ્રોત્સાહીત કરે તે માટે આયોજક સંસ્થા / આગેવાનોને પણ યુગલદીઠ પ્રોત્સાહક સહાય આપવાની બાબત વિચારણામાં હતી,પુખ્ત વિચારણાને અંતે આ યોજનામાં નીચે મુજબ સુધારો કરવાની તેમજ તે અન્વયે વર્ષ ૨૦૦૦–૨૦૦૧ માં થનાર વધારાના ખર્ચ માટેની રૂ.૧૨.લાખની નવી બાબતને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ યોજના" સાતફેરા સમુહલગ્ન" તરીકે ઓળખાશે.

(૨) આ યોજનાનો અમલ ઠરાવની તારીખથી કરવાનો રહેશે.

(૩) આ યોજના હેઠળ ઓછામાં ઓછા ૧૦ નવયુગલોનો સમુહલગ્ન કાર્યક્રમ યોજવાનો રહેશે.

(૪) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જે નવયુગલ સમુહલગ્નમાં જોડાય તે પ્રત્યેક નવયુગલને રૂ.૫૦૦૦/– ના નર્મદા નિગમ લિ.ના શ્રીનિધિ બાંધી મુદતની થાપણ યોજના હેઠળ ક્યુમ્યુલેટીવ થાપણની કન્યાના નામની રસીદ પ્રોત્સાહક પુરસ્કાર તરીકે આપવામાં આવશે.

(૫) સમૂહલગ્નોનું આયોજન કરવા માટે આયોજક સંસ્થાઓને પ્રોત્સાહન મળે તે માટે સમુહલગ્ન યોજનાર સંસ્થાને પણ ઓછામાં ઓછા ૧૦ નવયુગલો ના સમુહલગ્ન યોજે તો , યુગલ દીઠ રૂ.૧૦૦૦/– ની રોકડ રકમની સહાય ચુકવવામાં આવશે.

(૬) આ યોજનાનો લાભ લેનાર યુગલ લગ્ન માટેની કાયદાનુસાર નિયત વય ધરાવતું હોવું જોઈએ.

(૭) આ યોજનાનો લાભ લેવા માટે નવયુગલે/આયોજકોએ સમુહલગ્નના ૧૫ દિવસ અગાઉ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) ને જરુરી દસ્તાવેજો સાથે અરજી કરવાની રહેશે.

(૮) આવા લગ્નોની નોંધણી કરાવવાની રહેશે જે માટે સ્થળ પર જ રૂ.૨૦/– ની નોંધણી ફી લઈને નોંધણી પ્રમાણપત્ર આપવામાં આવશે.

(૯) આ યોજનાનો લાભ લેનાર કન્યાના વાલીની વાર્ષિક આવક મર્યાદા રૂ.૪૫૦૦૦/– થી વધારે ન હોવી જોઈએ.

(૧૦) આ યોજનાના ખર્ચ સંદર્ભે દર વર્ષે સમીક્ષા કરવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૦ મુખ્ય સદર–૨૨૨૫–અનુ. જાતિઓ/અનુ.જનજાતિઓ તથા અન્ય પછાતવર્ગોનું કલ્યાણ–૦૩–પછાત વર્ગોનું કલ્યાણ–ગૌણ સદર–૮૦૦–અન્ય ખર્ચ–પેટાસદર– બીસીકે–૨૦૯–સા.અને શૈ.પ.વર્ગોના સમૂહલગ્નો માટે નાણાંકીય સહાય (આયોજન) સદરે ઉધારવાનો રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૮–૧૨–૨૦૦૦ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.કે.સોની)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર.
માન.મંત્રીશ્રી,(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવ,સચિવાલય, ગાંધીનગર.
માન.નાયબ મંત્રીશ્રી,(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ.
નિયામકશ્રી,વિકસતીજાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર.
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ,(વિ.જા.)/નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)અમદાવાદ/વડોદરા/સુરત/જામનગર/રાજકોટ/ભાવનગર
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,
માહિતી નિયામકશ્રી ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર બહોળી પ્રસિધ્ધિ આપવાની વિનંતી સહ
નાંણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નાંણા શાખા,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના અન્ય વિભાગો,
વિભાગની સર્વે શાખાઓ.
સીલેકટ ફાઈલ / ના.સે.અ. સીલેકટ ફાઈલ

:વાઘેલા:એ–૨૦